23

Published by Amity B.Ed. College, Bharuch

Journal of YTIF

Journal of YTIF ISSN 2395-643

# શિક્ષક પ્રશિક્ષણમાં નાટ્ય દ્વારા શિક્ષણનો વિનિયોગ

ડૉ.ભાવેશ આઈ. રાવલ

આચાર્ય

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા-સુરત.

## ટૂંકસાર

બી.એડ.ના બીજા સેમેસ્ટરમાં EPC-૨ ‘શિક્ષણમાં નાટ્ય અને કળા’ વિષયનો સમાવેશ થયેલ છે. જેમાં તાલીમાર્થીઓને વિવિધ કળાઓના અનુભવો પૂરા પાડવાનો આશય રહેલો છે. જેને ધ્યાનમાં લઇ તાલીમાર્થીઓમાં નાટ્ય દ્વારા શિક્ષણનો ખ્યાલ સ્પષ્ટ કરી તેનો વિકાસ કરી એકમપાઠોમાં અજમાયશ કરવાનું નક્કી કર્યું હતું. આમ કરવાનો મુખ્ય આશય નાટ્યનો અમલ કરવાથી તાલીમાર્થીઓની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, આંતરક્રિયા અને અભિવ્યક્તિ પર શી અસર થાય છે તે જાણવાનો હતો. આ માટે તાલીમાર્થીઓને નાટ્ય સંબંધી કાર્યશિબિર, પાઠ આયોજનમાં તેની સામેલગીરી અને વર્ગખંડમાં વિનિયોગ જેવી પ્રક્રિયા હાથ ધરી હતી. આ પ્રયોગમાં ૫૦ તાલીમાર્થીઓને સહેતુક પસંદ કર્યા હતા. નાટ્ય દ્વારા શિક્ષણની સમગ્ર પ્રક્રિયા બીજા સત્રમાં પ્રથમ એકમપાઠ દરમ્યાન હાથ ધરી હતી. માહિતી પ્રાપ્તિ માટે સહભાગી અવલોકન અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથનનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કર્યું હતું. જેના મુખ્ય તારણોમાં- તાલીમાર્થીઓએ અધ્યાપનમાં નાટ્ય પ્રવૃત્તિને આવશ્યક માની હતી. ઈન્ટરનેટ, ગ્રંથાલય જેવા સ્રોતોમાં રૂચિ દાખવી હતી. વિષયાંગ સંદર્ભે સ્ક્રીપ્ટ લેખન અને રજૂ કરવાની સૂઝ વિકસી હતી. પોતાના વિષયના એક ભાગ કે સોપાન સંદર્ભે ઉપયોગ કરતાં થયાં હતા. જૂથપ્રવૃત્તિથી પ્રારંભે લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિવાળા તાલીમાર્થીઓના અનુકુલનની સમસ્યા હતી, જે સાથે કાર્ય કરવાથી ઉકેલાઈ હતી. સમગ્રતઃ નાટ્યના શિક્ષક તાલીમમાં વિનિયોગથી તાલીમાર્થીઓમાં અધ્યાપનમાં કૌશલ્ય વિકાસ, નાવિન્યતા અને પરસ્પર કાર્ય કરવાની ક્ષમતાઓનો વિકાસ થતો જણાયો હતો.



Scanned by CamScanner

ચાવીરૂપ શબ્દો: શિક્ષક પ્રશિક્ષણ, તાલીમાર્થીઓ, નાટ્ય દ્વારા શિક્ષણ, વાર્તા કથન.

**પ્રસ્તાવના**

બી.એડ.ના અભ્યાસક્રમમાં તાલીમાર્થીઓને વિવિધ કળાઓના અનુભવો પૂરા પાડવાના હેતુસર બીજા સેમેસ્ટરમાં EPC-૨ 'નાટ્ય દ્વારા શિક્ષણ' વિષયનો સમાવેશ થયેલ છે. જેમાં ચિત્ર, કાવ્ય, નાટ્ય, નૃત્ય, ભરત-ગુંથણ જેવી કળાઓ શીખવવામાં આવે છે. EPCનાં ભાગરૂપે નાટ્ય કળાનો વિકાસ એક વિશેષ વ્યૂહ અને પ્રયાસ માંગી લે છે. આ માટે બીજા સત્રના પ્રારંભે પ્રથમ તબક્કે વર્કશોપના માધ્યમથી તજજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને નાટ્ય દ્વારા શિક્ષણની સૈધાંતિક બાબતોની સાથે તેનો જુદા જુદા વિષયોના વિષયવસ્તુમાં વિનિયોગ કેવી રીતે થઇ શકે તેની પ્રસ્તુતિ થઇ હતી. એટલુજ નહિ આ તબકકે નાટ્ય માટે આવશ્યક સંદર્ભ સ્ત્રોત પરિચય, સંદર્ભોની શોધ, જાતે વિષયાંગ પસંદગી અને તેને અનુરૂપ સંવાદ લેખન, પાત્ર પસંદગી અને પ્રેકટિસ, પ્રસ્તુતિ અને પ્રતિપોષણ જેવા મહત્વપૂર્ણ તબક્કાઓનો અનુભવ આપી નાટ્ય દ્વારા શિક્ષણ અંગેનું અભિમુખિકરણ અને સશક્તિકરણ કર્યું હતું. તાલીમાર્થીઓ આ અનુભવને આધારે પ્રાયોગિક ધોરણે પ્રથમ એકમપાઠના કોઈ એક વિષયાંગ અંગે આયોજન કરી વર્ગખંડમાં અજમાયશ કરી. તેમજ તેનાં રેકોર્ડીંગ કરેલ આધારને તજજ્ઞ સમક્ષ સમીક્ષા અર્થે પ્રસ્તુતિકરણ થયું હતું. આ સમગ્ર પ્રક્રિયામાં અધ્યેતાએ સહભાગી અવલોકનના આધારે નાટ્યનો અમલ કરવાથી તાલીમાર્થીઓની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, આંતરક્રિયા અને અભિવ્યક્તિ પર શી અસર થાય છે? તેમજ નાટ્યનો અધ્યાપનમાં વિનિયોગ અંગે તાલીમાર્થીઓના અનુભવ કેવા રહ્યા? તે જાણવાના આશય સાથે પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતસર હાથ ધરાયો હતો.

1) શિક્ષક પ્રશિક્ષણમાં નાટ્યનો અમલ કરવાની શક્યતાઓ ચકાસવી.
2) નાટ્ય દ્વારા શિક્ષણની તાલીમાર્થીઓ પર થતી અસરોનું અવલોકન કરવું.



Scanned by CamScanner

3) નાટ્યથી તાલીમાર્થીઓમાં વિકસતાં કૌશલ્યોની જાણકારી પ્રાપ્ત કરવી.

4) નાટ્યને અસરકારક બનાવવા સંબંધી સૂચનો પ્રાપ્ત કરવાં.

**અભ્યાસના પ્રશ્નો**

અભ્યાસ દરમ્યાન રજૂ કરેલ પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

1) શિક્ષક પ્રશિક્ષણમાં નાટ્યનો અમલ કરી શકાય?

2) નાટ્ય દ્વારા શિક્ષણની તાલીમાર્થીઓ પર કેવી અસરો થાય છે?

3) નાટ્યથી તાલીમાર્થીઓમાં વિકસતા કૌશલ્યો કયા કયા છે?

4) નાટ્યને અસરકારક બનાવવા શું કરી શકાય?

**અભ્યાસનું મહત્વ**

➢ પ્રસ્તુત અભ્યાસથી માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને નાટ્યના વિનિયોગ વિશે જાણવા, શીખવા અને શીખવવાની તક મળશે.

➢ નાટ્યનો શિક્ષણમાં અને ખાસ કરીને પોતાના વિષયમાં ક્યાં? ક્યારે? અને કેવી રીતે? ઉપયોગ કરવો તેની સૂઝ પ્રાપ્ત થાય છે કે કેમ? તે જાણી શકાશે.

➢ નાટ્યના શૈક્ષણિક વિનિયોગ માટે આવશ્યક કૌશલ્યો જેવા કે થિયેટરની સ્પસ્ટતા, લેખન, પાત્ર પસંદગી, નિદર્શન અને અભિનય જેવા પાસામાં દરેક તાલીમાર્થીઓની ખૂબી-ખામીઓ સંદર્ભે સ્પષ્ટ થઇ શકાશે.

**ક્ષેત્ર મર્યાદા**

- પ્રસ્તુત અભ્યાસ માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણમાં કાર્યરત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા-સુરત પૂરતો સીમિત હતો.
- અભ્યાસ અંતર્ગત કોલેજમાં ૪-૬,ડિસેમ્બર-૨૦૧૭માં Story-Telling ( The TiE Way) વિષય પર થયેલ વર્કશોપ અને ૧૭-૨૦,જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન આપેલ એકમ પાઠમાં થયેલ અવલોકન અને અનુભવકથનનો આધાર લેવામાં આવ્યો હતો.



Scanned by CamScanner

- અભ્યાસ અંતર્ગત માહિતી પ્રાપ્તિ માટે અધ્યાપકોના અવલોકનપત્રક અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથનનો ઉપયોગ કર્યો હતો.
- અભ્યાસ હેઠળના કુલ પાત્રો ૫૦ હતા તે તાલીમાર્થીઓ પૈકી ૪૫ પાસેથી જ માહિતી મેળવી શકાઈ હતી.

## વ્યાપવિશ્વ અને નમૂનો

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા-સુરત ખાતે બી.એડ.નું પ્રશિક્ષણ પ્રાપ્ત કરતાં પ્રથમ વર્ષના બીજા સેમેસ્ટરના ૫૦ તાલીમાર્થીઓ પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ બને છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં લેતાં બધા જ તાલીમાર્થીઓને નમૂના તરીકે સ્વીકાર્યા હતા. આમ, પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપ વિશ્વ એ જ નમૂનો હતો.

## અભ્યાસ માટેનું ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં નાટ્ય સદર્ભે થયેલ વર્કશોપમાં અને તાલીમાર્થીઓના એકમપાઠમાં નાટ્ય આધારિત આયોજન અને અમલીકરણ અંગે અધ્યાપકોના અવલોકનપત્રક અને તાલીમાર્થીઓના સ્વાનુભવકથન પત્રકનો ઉપયોગ કર્યો હતો.

## માહિતી એકત્રીકરણની રીત

અધ્યાપકોએ વર્કશોપ દરમ્યાન કરેલ અવલોકન નોંધ તેમજ તાલીમાર્થીઓના એકમપાઠ સંદર્ભે આયોજન દરમ્યાન અને પાઠ અવલોકન અને પાઠ પછીના સ્વાનુભવકથનને આધારે માહિતી પ્રાપ્ત કરી હતી. માહિતીનું એકત્રીકરણ ૪-૬,ડિસેમ્બર-૨૦૧૭ અને ૧૭-૨૦,જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન કરવામાં આવ્યું હતું. માહિતી પ્રાપ્ત કરવામાં સાથી અધ્યાપકોની પણ મદદ લેવામાં આવી હતી.

## માહિતી વિશ્લેષણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ત ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ કરવાં માટે ગુણાત્મક પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અવલોકનનોંધ અને સ્વાનુભવકથનના આધારે તરેહ મેળવવામાં આવી હતી.

## અભ્યાસના તારણો



Scanned by CamScanner

- તાલીમાર્થીઓએ નાટ્ય દ્વારા શિક્ષણને આવશ્યક પ્રવૃત્તિ માની હતી.
- નાટ્યની પૂર્વ તૈયારી માટે ઈન્ટરનેટ, ગ્રંથાલય જેવા સ્ત્રોતમાં રૂચિ દાખવી હતી.
- ઈન્ટરનેટ અને ગ્રંથાલયમાંથી ઉપલબ્ધ વાર્તાની ચોપડીઓ, સામયિકો અને વર્તમાનપત્રોને અધ્યાપન કાર્યમાં ઉપયોગમાં લઇ શકવાની સમજ કેળવી હતી.
- વિષયાંગ સંદર્ભે સ્ક્રીપ્ટ લેખન અને પરફોર્મ કરવાની સૂઝ વિકસી હતી.
- વિષયના એક ભાગ કે સોપાન (વિશેષતઃ વિષય પ્રવેશ) સંદર્ભે ઉપયોગ કરતાં થયાં હતા.
- નાટ્ય દ્વારા શિક્ષણમાં પ્રારંભે લઘુતાગ્રંથિ અને ગુરૂતાગ્રંથિવાળા તાલીમાર્થીઓના અનુકૂલનની સમસ્યા હતી જે નાટ્ય પ્રવૃત્તિમાં સાથે કાર્ય કરવાથી દૂર થઇ હતી.
- સમગ્રતઃ નાટ્ય દ્વારા શિક્ષણનો તાલીમમાં વિનિયોગ કરવાથી તાલીમાર્થીઓ દ્વારા અધ્યાપનમાં કૌશલ્ય વિકાસ, નાવિન્યતા અને પરસ્પર કાર્ય કરવાની ક્ષમતાઓનો વિકાસ થતો જણાયો હતો.
- નાટ્યનો શિક્ષણમાં વિનિયોગ કરવાથી તાલીમાર્થીઓમાં નવીન સૂઝ વિકસે છે.
- હિંમત આવે અને કાર્ય આત્મવિશ્વાસથી કરી શકાય છે. પારસ્પરિક સહકારથી ક્ષમતાઓ વધે છે. જૂથના સભ્યો વચ્ચે વૈચારિક આદાન-પ્રદાન કરતાં થાય છે.
- શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ એકમપાઠમાં કોઈ એક વિષયાંગમાં વિનિયોગ કરતાં ત્યારે તેમનો અનુભવ અનુકૂળ એકમ ન હોવા, પાત્રો ઉપલબ્ધ ન થવા, ભાષા, સમગ્ર પાઠ માટે વિનિયોગની અસમર્થતા, અપૂરતો સમય, તનાવ, અસરકારક સંવાદ રચી ન શકવાની સ્થિતિ જેવા પડકારો મુખ્ય હતા.

## સંદર્ભસુચિ



Scanned by CamScanner

પારેખ, બી. અને ત્રિવેદી, એમ. (૧૯૯૪). શિક્ષણમાં આકડાશાસ્ત્ર. (ચતુર્થ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

રાવલ, એન. (૨003).શિક્ષણમાં અનુદેશ તકનીકી. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: નીરવ પ્રકાશન.

શાહ, ડી. (૨00૪). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

**राज रानी. (२०१६). नाट्य द्वारा शिक्षण ( Theatre in Education) है क्या?भारतीय आधुनिक शिक्षा. नयी दिल्ली. एन.सी.इ.आर.टी. वर्ष-३७ अंक-२ पृष्ठ:११०-११४.**



Scanned by CamScanner